તા. ૨૪.૦૨.૨૦૨૪.

ગુજરાત સમાચાર પાના નં. ૧૯

### મેટ્રોની કામગીરી આખરે 'બુલેટ' ગતિએ

# અમદાવાદ-ગાંધીનગર મેટ્રો માટે ટ્રાયલ રનનો પ્રારંભ

અમદાવાદ,શુક્રવાર

અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન દોડે તેના માટેની કામગીરીએ હવે 'બુલેટ' ગતિએ વેગ પકડ્યો છે. અમદાવાદ-ગાંધીનગરના ફેઝ-૨ માટે ટ્રાયલ રન શરૂ કરી દેવામાં આવ્યો છે.

## મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર તથા ગિફ્ટ સિટી લીંક સુધીના ૨૮ કિમીના પ્રોજેક્ટમાં ૨૨ સ્ટેશન



મેટ્રો ફેઝ-૨નો આ ટ્રાયલ રન ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (જી.એન.એલ.યુ.) અને ધોળા કુવા વચ્ચે શરૂ કરાઇ હતી. હવે તબક્કાવાર અન્યભાગમાં પણ કરવામાં આવશે. મેટ્રો ટ્રેનનો ફેઝ-૨ પ્રોજેક્ટ નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી મહાત્મા મંદિર તથા ગિફ્ટ સિટી લીંક સુધીનો છે. ૨૮ કિલોમીટરના આ રૂટમાં ૨૨ સ્ટેશન છે.

આ પૈકી પ્રાયોરિટી અનુભાગના ૨૧ કિલોમીટરમાં મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ સુધી તબક્કાવાર ટ્રાયલનું આયોજન છે. આ ટ્રાયલ પૂર્ણ થયા બાદ કમિશનર મેટ્રો રેલ સેફ્ટીને ચકાસણી માટે વિનંતી કરવામાં આવશે. આ મંજૂરી મળ્યા બાદ મે-જૂનથી મુસાફરો મેટ્રો દ્વારા અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મુસાફરી કરી શકશે.